(Verified by ...)

# અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ

## હુકમ

સચિવાલય, ગાંધીનગર.

૩૧મી મે, ૨૦૦૪.

**આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ અને જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૦૧.**

**ક્રમાંક . જીટીએચ/૨૦૦૪/૮/પીડીએસ/૧૦/૨૦૦૧/જીઓઆઈ/૧૨૧/સી.** ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો જાળવી રાખવા માટે તેની ઉપલબ્ધતા અને વિતરણ સુનિશ્ચિત કરવા માટે તેમ કરવું જરૂરી અને ઇષ્ટ છે;

સદરહુ હેતુ માટે, કેન્દ્ર સરકારે જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ ૨૦૦૧ બહાર પાડેલ છે;

તેથી હવે, ભારત સરકારના ગ્રાહક બાબતો, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલયના અન્ન અને જાહેર વિતરણ વિભાગના તા. ૩૧મી ઓગસ્ટ, ૨૦૦૧ ના હુકમ ક્રમાંકઃ જીએસઆર /૬૩૦/ (ઇ) હુકમના પરિશિષ્ટ ૫ ના ખંડ ૧૦ અને ૧૧ અને પરિચ્છેદ ૫ સાથે વાંચતા, આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫ના ૧૦મા) ની કલમ ૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેનો હુકમ કરે છે :-

**૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ :-**

(૧) આ હુકમ, ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વાજબી ભાવની દુકાનોને લાઇસન્સ આપવા બાબતનો) હુકમ, ૨૦૦૪ કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજયને લાગુ પડે છે.

(૩) તે સરકારી રાજપત્રમાં તેની પ્રસિધ્ધિની તારીખથી અમલમાં આવશે.

**૨. વ્યાખ્યા :-** આ હુકમમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) '' અધિનિયમ '' એટલે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, ૧૯૫૫ (સન ૧૯૫૫નો ૧૦મો);

(ખ) ''લાઇસન્સ'' એટલે સન ૨૦૦૧ ના હુકમના ખંડ ૨ ના પેટા- ખંડ (ઠ) થી વ્યાખ્યા કર્યા પ્રમાણેની વાજબી ભાવની દુકાનોને આ હુકમ હેઠળ કાઢી આપેલું લાઇસન્સ;

(ગ) '' લાઇસન્સ ધારક'' એટલે સન ૨૦૦૧ ના હુકમના ખંડ (૨) ના પેટા-ખંડ (ડ) થી વ્યાખ્યા કર્યા પ્રમાણેનો વાજબી ભાવની દુકાનનો માલિક.

(ઘ) " લાઈસન્સ આપનાર સત્તાધિકારી" એટલે

(૧) મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના અમદાવાદ શહેરના સંબંધમાં, નાયબ નિયંત્રક, અન્ન અને નાગરિક પુરવઠા;
(૨) બીજા કોઇપણ વિસ્તારના સંબંધમાં, તેમની સામાન્ય હકૂમતમાંના જિલ્લા પુરવઠા અધિકારી; અને
(૩) રાજય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવા વિસ્તારના સંબંધમાં, પરિચ્છેદ (૧) અથવા (૨) માં નિર્દિષ્ટ કરેલા હોય તે લાઇસન્સ આપનાર સત્તાધિકારીની ઉપરાંત લાઇસન્સ આપનાર સત્તાધિકારી તરીકે રાજય સરકાર દ્વારા નીમેલા બીજા કોઇપણ અધિકારી;
(ચ) "અપીલ સત્તાધિકારી " એટલે આ નિયમો હેઠળ અપીલોની સુનાવણી અને અપીલ સત્તાધિકારીની સત્તા વાપરવાના હેતુથી, ખંડ ૧૨ ના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલા અધિકારી;
(છ) " વાજબી ભાવની દુકાનો " એટલે સંબંધિત હુકમ હેઠળ રાજય સરકારે વખતોવખત જાહેર કરેલી દુકાન;
(જ) " રાજય સરકાર " એટલે ગુજરાત રાજયની સરકાર;
(ઝ) " વર્ષ " એટલે બ્રિટિશ કેલેન્ડર મુજબ ગણાતું વર્ષ.

**૩. વાજબી ભાવની દુકાનોની ફાળવણી માટેની કાર્યરીતિ :-**

(૧) વાજબી ભાવની દુકાનોની ફાળવણી માટેની કાર્યરીતિ તારીખ ૩૦/૪/૨૦૦૨ ના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક : વીબીડી/૧૦/૨૦૦૨/૪૮૭/સીમાં ઠરાવેલી જોગવાઇઓ મુજબ; અને
(૨) તારીખ ૩૧/૫/૨૦૦૨ ના સરકારી ઠરાવ ક્રમાંક : વીબીડી/૧૦/૨૦૦૨/૪૮૭/સી; અને
(૩) આ હેતુ માટે વખતોવખત બહાર પાડવામાં આવે તેવા બીજા કોઇપણ સરકારી ઠરાવ મુજબ

અનુસરવાની રહેશે.

**૪. વાજબી ભાવની દુકાનના લાઇસન્સ બાબત :-**

(૧) સન ૨૦૦૪ ના મે મહિનાની ૩૧મી તારીખે અને ત્યારથી આ હુકમ હેઠળ આપવામાં આવેલા લાઇસન્સની બોલીઓ અને શરતો હેઠળ અને તે અનુસાર હોય તે સિવાયની કોઇ વ્યકિત વાજબી ભાવની દુકાનના માલિક તરીકે કામકાજ ચાલુ રાખી શકશે નહિ.

(૨) આ હુકમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, વેપારી તરીકે કામકાજ ચાલુ રાખવા માટેનું લાઇસન્સ ધરાવવા માટે આ હુકમ હેઠળ જેને ફરમાવ્યું હોય તે વ્યકિત, આ હુકમના આરંભની તરત પહેલાં, આવી કોઇ આવશ્યક ચીજવસ્તુના કામકાજ માટે કોઇપણ હુકમો હેઠળ

માન્ય લાઈસન્સ ધરાવતી હોય ત્યારે, આવું લાઇસન્સ, આવી આવશ્યક ચીજવસ્તુઓના સંબંધમાં આ હુકમ હેઠળ તેને કાઢી આપેલું લાઇસન્સ ગણાશે અને આવું લાઇસન્સ કાઢી આપવા માટેની અરજી ૩૧મી જુલાઇ, ૨૦૦૪ની પહેલા કરી હોય તો આ હુકમ હેઠળ તે કાઢી આપ્યાની તારીખ સુધી અમલમાં રહેશે.

(૩) પેટા-ખંડ (૨) લાગુ પડતો હોય તેવી કોઇ વ્યકિત, પેટા-ખંડ (૨)માં જણાવેલી મુદતની અંદર છેલ્લી તારીખ સુધીમાં અરજી કરે અને આ હુકમ હેઠળ તેને લાઇસન્સ આપવામાં આવે અથવા યથાપ્રસંગ, લાઈસન્સ નામંજૂર કરવામાં આવે તે દિવસ સુધી તે છૂટક વેપારી અથવા યથાપ્રસંગ, વાજબી ભાવની દુકાનના માલિક તરીકે કામકાજ ચાલુ રાખે તો પેટા-ખંડ (૧)નું ઉલ્લંઘન થયેલું છે તેમ ગણાશે નહિ.

**૫. લાઈસન્સ કાઢી આપવા બાબત :**

(૧) લાઇસન્સ કાઢી આપવા માટેની અથવા ફરીથી કાઢી આપવા માટેની અથવા તે તાજુ કરાવવા માટેની દરેક અરજી, લાઇસન્સ આપનાર સત્તાધિકારીને નમૂના 'ક' માં કરવાની રહેશે.

(૨) દરેક લાઇસન્સ, નમૂના 'ખ' માં કાઢી આપવામાં આવશે, ફરીથી કાઢી આપવામાં આવશે અથવા તાજુ કરી આપવામાં આવશે.

(૩) આ હુકમ હેઠળ કાઢી આપેલું દરેક લાઇસન્સ બિનતબદીલીપાત્ર ગણાશે.

**૬. લાઈસન્સની મુદત અને લેવાપાત્ર ફી :-**

(૧) આ હુકમ હેઠળ આપવામાં આવેલું દરેક લાઇસન્સ, જે વર્ષમાં તે આપવામાં આવ્યું હોય, તે વર્ષની ૧લી જાન્યુઆરીથી પાંચ વર્ષની મુદત સુધી માન્ય ગણાશે અને તેની માન્યતાની મુદતની અંદર તેને તાજુ કરવા માટે અરજી કરવામાં આવે તો પાંચ વર્ષની મુદત માટે તેને તાજુ કરી શકાશે :

પરંતુ, વર્ષની ૧૫મી ઓકટોબર પછી આપવામાં આવેલું લાઇસન્સ, તરતના આગામી વર્ષથી આરંભના પાંચ વર્ષના અંત સુધી માન્ય રહેશે :

વધુમાં, લાઈસન્સની મુદત પૂરી થયાની તારીખ બાદ તરત પછીના ફેબ્રુઆરી મહિનાના અંત પહેલા, લાઈસન્સ તાજુ કરવા માટેની કરેલી અરજી અંગે લાઈસન્સ આપનાર સત્તાધિકારી, પૂરતા કારણોની લેખિતમાં નોંધ કરીને, આવી અરજીને વિચારણામાં લઈ શકશે અને લાઈસન્સ તાજુ કરી શકશે.

(૨) લાઈસન્સ તાજુ કરવા માટેની અરજી, પેટા-ખંડ (૧) હેઠળ લાઈસન્સની માન્યતાની મુદતની અંદર અથવા પેટા-ખંડ (૧)ના બીજા પરંતુક હેઠળ, ફેબ્રુઆરીના અંત પહેલાં કરવામાં આવી હોય, ત્યારે, લાઈસન્સ આપનાર સત્તાધિકારી લાઈસન્સ જે તારીખે તાજુ કરે અથવા તાજુ કરવાની ના પાડે ત્યાં સુધી, લાઈસન્સ ધારક માન્ય લાઈસન્સ ધરાવે છે એમ ગણાશે.

(૩) આવું લાઈસન્સ ખોવાઈ જાય, નાશ પામે કે વિકૃત થઈ ગયું હોય તો, લાઈસન્સ ધારક તેને આપવામાં આવેલા લાઈસન્સની બીજી નકલ લાઈસન્સ આપનાર સત્તાધિકારી પાસેથી મેળવી શકશે.

(૪) દરેક લાઇસન્સના સંબંધમાં ઠરાવેલી ફી, નીચે કોષ્ટક - ક માં દર્શાવ્યા મુજબ ફી લેવી જોઈશે:-

કોષ્ટક - ક

(પાંચ વર્ષ માટે આપવામાં આવેલા અને તાજુ કરી શકાય તેવા લાઈસન્સ માટેની ફી)

| | | |
|---|---|---|
| (૧) | લાઈસન્સ કાઢી આપવા માટે | રૂા. ૨૦૦ |
| (૨) | લાઈસન્સ તાજુ કરવા માટે | રૂા. ૧૦૦ |
| (૩) | લાઈસન્સની બીજી નકલ કાઢી આપવા માટે | રૂા. ૭૦ |

પરંતુ, અસલ લાઈસન્સ કોઈ કુદરતી આપત્તિના કારણે ખોવાઈ ગયું હોય અથવા નાશ પામ્યું હોય તેવા કિસ્સામાં, અને લાઇસન્સ ધારકે જો કોઇ પુરાવા હોય, તો તે રજૂ કર્યે, લાઇસન્સ આપનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે લાઇસન્સ ખોવાઇ જવાનું અથવા તેના નાશનું કારણ કુદરતી આપત્તિ છે, તો, લાઇસન્સની બીજી નકલ આપવા માટે કોઇ ફી લઇ શકાશે નહિ.

## ૭. જામીનગીરી અનામત :-

આ હુકમ હેઠળ લાઇસન્સ માટે અરજી કરતી દરેક વ્યકિતએ, જે શરતોને અધીન રહીને તેને લાઇસન્સ આપવામાં આવે છે તેના યોગ્ય પાલન માટે, તેને આવું લાઇસન્સ આપવામાં આવે તે પહેલા લાઇસન્સ આપનાર સત્તાધિકારી પાસે રૂા. ૨૫૦૦/- (અંકે રૂપિયા બે હજાર પાંચસો પૂરા) ની રકમ, રોકડમાં અથવા રાષ્ટ્રીય બચતપત્રોના રૂપમાં અથવા કેન્દ્ર સરકાર, રાજય સરકાર અથવા બીજા કોઇ સ્થાનિક સત્તામંડળે બહાર પાડેલી બીજી કોઇ જામીનગીરીમાં જામીનગીરી પેટે જમા કરાવવાની રહેશે:

પરંતુ, લાઇસન્સ ધારકે ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (પરવાના, નિયંત્રણ અને જથ્થા જાહેરાત) હુકમ, ૧૯૮૧ હેઠળ જામીનગીરી પેટે કોઇ રકમ જમા કરાવેલી હોય, તો તે લાઇસન્સ ધારકે-

(૧) સન ૧૯૮૧ ના સદરહુ હુકમ હેઠળ એવી રીતે જમા કરાવેલી રકમ તેણે આ ખંડ હેઠળ જમા કરવાની થતી રકમ જેટલી જ કે તેથી વધુ હોય તો, આ કલમ હેઠળ નવેસરથી કોઇ રકમ જમા કરાવવાની રહેશે નહીં, અને

(૨) સન ૧૯૮૧ના સદરહુ હુકમ હેઠળ જમા કરાવેલી ઉપર્યુકત રકમ, આ હુકમ હેઠળ જમા કરાવવાની રકમથી ઓછી હોય, તો એવી રીતે જમા કરાવેલી રકમ અને આ ખંડ હેઠળ તેણે ભરવાપાત્ર રકમ વચ્ચેની ઘટની રકમ જ જમા કરાવવાની રહેશે.

લાઇસન્સ ધારક દ્વારા લાઇસન્સના તમામ નિયમો અને શરતોનું યોગ્ય પાલન થયે, લાઇસન્સ સમાપ્ત કરવામાં તે પછી જામીનગીરીની રકમ અથવા ખંડ ૧૧ હેઠળ જપ્ત કરવામાં આવેલો ન હોય તેવો તેનો ભાગ લાઇસન્સ આપનાર સત્તાધિકારી દ્વારા લાઇસન્સ ધારકને પરત કરવો જોઇશે.

**૮. લાઇસન્સ નકારવાની સત્તા :-**

(૧) લાઇસન્સ આપનાર સત્તાધિકારી, અરજદારને તેના કેસ અંગે કેફિયતની તક આપ્યા પછી અને કારણોની લેખિતમાં નોંધ કરીને લાઇસન્સ આપવાની કે તાજું કરવાની ના પાડી શકશે.

(૨) લાઇસન્સ આપનાર સત્તાધિકારી લાઇસન્સ આપવાની કે તાજું કરવાની ના પાડી શકશે, જો-

(ક) અરજદાર સગીર અથવા પાગલ કે અસ્થિર મગજનો જણાય; અથવા
(ખ) અરજદાર દેવામુકત ન થયેલ નાદાર હોય; અથવા
(ગ) અધિનિયમ હેઠળ અરજદાર દોષિત ઠર્યાની તારીખથી ત્રણ વર્ષની મુદત પૂરી ન થઇ હોય.

**૯. હુકમ અથવા લાઇસન્સની શરતોના ઉલ્લંઘન બદલ લાઇસન્સ મોકૂફ રાખવા અથવા રદ કરવા બાબત:**

(૧) આ હુકમ હેઠળ, જેને લાઇસન્સ આપવામાં આવ્યું હોય તેવો કોઇ ધારક અથવા તેનો એજન્ટ કે નોકર કે તેના વતી કાર્ય કરતી કોઇ બીજી વ્યકિત તેને આપવામાં આવેલ લાઇસન્સની કોઇપણ બોલીઓ અને શરતોનું ઉલ્લંઘન કરી શકશે નહીં અને જો આવો લાઇસન્સ ધારક અથવા તેનો એજન્ટ અથવા નોકર અથવા તેના વતી કાર્ય કરતી કોઇ બીજી વ્યકિત કોઇપણ બોલીઓ અથવા શરતોનું ઉલ્લંઘન કરે, તો, તેની સામે લઇ શકાય તેવા કોઇપણ પગલાંને બાધ

આવ્યા વિના, લાઇસન્સ આપનાર અધિકારી લેખિતમાં હુકમ કરીને, તેનું લાઇસન્સ રદ શકશે અથવા મોકૂફ રાખી શકશે:

પરંતુ જેનું લાઇસન્સ રદ કરવા અથવા મોકૂફ રાખવા ધાર્યું હોય તે લાઇસન્સધારકને, તે સત્તાધિકારી સમક્ષ પોતાના કેસ અંગે કેફિયતની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય, લાઇસન્સ આપનાર સત્તાધિકારી આ ખંડ હેઠળ કોઇ હુકમ કરી શકશે નહિ.

(૨) લાઇસન્સ આપનાર સત્તાધિકારીને પ્રથમ દ્દષ્ટિએ એવી ખાતરી થાય કે સદરહુ કેસ લાઇસન્સ રદ કરવાને લગતો છે, તો તે, કારણોની લેખિતમાં નોંધ કરીને ૯૦ દિવસથી વધુ ન હોય તેટલી મુદત સુધી લાઇસન્સ મોકૂફ રાખી શકશે જે દરમિયાન તેણે વિચારણા કરીને આખરી નિર્ણય લેવો જોઇશે.

**૧૦. અધિનિયમ હેઠળના હુકમનું ઉલ્લંઘન થયે લાઇસન્સ રદ કરવા બાબત :-**

ખંડ ૯ માં ગમે તે મજકૂર હોય તેમ છતાં, લાઇસન્સ ધારકે અધિનિયમની કલમ ૩ હેઠળ કરેલા કોઇ હુકમના ઉલ્લંઘન માટે કાયદાની કોર્ટે તેને દોષિત ઠરાવેલ હોય ત્યારે, લાઇસન્સ આપનાર સત્તાધિકારી લેખિતમાં હુકમ કરીને તેનું લાઇસન્સ રદ કરી શકશે:

પરંતુ કોઇ અપીલ અથવા ફેરતપાસમાં આવી ગુના સાબિતી રદ કરવામાં આવી હોય ત્યારે, લાઇસન્સ આપનાર સત્તાધિકારી, જેનું લાઇસન્સ રદ કરવામાં આવ્યું હોય તે વ્યકિતએ, નમૂના-ક માં અરજી કર્યે, એવા લાઇસન્સમાં જણાવેલી મુદત સુધી એવી વ્યકિતને લાઇસન્સ ફરીથી કાઢી આપી શકશે અને તે મુદત માટે એવું લાઇસન્સ ફરીથી કાઢી આપવાના સંબંધમાં, લેવાપાત્ર ફી રદ કરી શકાશે નહિ.

**૧૧. જામીનગીરી અનામત જપ્ત કરવા બાબત.**

ખંડ ૯ની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, જો, લાઇસન્સ આપનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે લાઇસન્સ ધારકે આ હુકમની કોઇપણ જોગવાઇઓનું અથવા લાઇસન્સની કોઇ બોલીઓ અથવા શરતોનું ઉલ્લંઘન કર્યું છે અને જામીનગીરી અનામત જપ્ત કરવી જરૂરી છે તો, તેવા કિસ્સામાં, લાઇસન્સ ધારકને આવી જપ્તી સામે પોતાના કેસ અંગે કેફિયતની વાજબી તક આપ્યા પછી, હુકમ કરીને, લાઇસન્સ ધારકે જમા કરાવેલી સમગ્ર જામીનગીરી અનામત અથવા તેનો કોઇ ભાગ જપ્ત કરી શકશે અને આ હુકમની નકલ લાઇસન્સ ધારકને મોકલી આપશે.

**૧૨. અપીલ.** (૧) લાઇસન્સ ધારકને લાઇસન્સ કાઢી આપવાની, ફરીથી કાઢી આપવાની અથવા તાજુ કરવાની ના પાડતા અથવા લાઇસન્સ ધારકના લાઇસન્સને રદ કરતા અથવા મોકૂફ રાખતા અથવા લાઇસન્સદારે જમા કરાવેલી જામીનગીરીને જપ્ત કરતા લાઇસન્સ આપનાર

સત્તાધિકારીના હુકમથી નારાજ થયેલી કોઇપણ વ્યકિત અથવા યથાસંગ, કોઇ લાઇસન્સ ધારક, આવો હુકમ પોતાને મળ્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર -

(ક) મુંબઇ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના અમદાવાદ શહેરમાં વસવાટ કરતી હોય અથવા યથાપ્રસંગ, પોતાના કામકાજના સંબંધમાં વાજબી ભાવની દુકાનના માલિક તરીકે લાઇસન્સ મેળવ્યું હોય અને આવો હુકમ કર્યો હોય તેવા લાઇસન્સ આપનાર સત્તાધિકારી કલેકટરથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા કિસ્સામાં, નિયંત્રક, અન્ન અને નાગરિક પુરવઠા, અમદાવાદ-ને;

(ખ) જિલ્લામાં વસવાટ કરતી હોય અથવા યથાપ્રસંગ, વાજબી ભાવની દુકાનના માલિક તરીકે પોતાના ધંધાના સંબંધમાં તે જિલ્લામાં લાઇસન્સ મેળવ્યું હોય અને આવો હુકમ કર્યો હોય તેવા લાઇસન્સ આપનાર સત્તાધિકારી, કલેકટરથી ઉતરતા દરજ્જાના હોય, ત્યારે કલેકટરને,

(ગ) આવો હુકમ કર્યો હોય તે લાઇસન્સ આપનાર સત્તાધિકારી સંયુકત નિયામક અથવા નાયબ નિયામક, નાગરિક પુરવઠા, ગુજરાત રાજય, હોય, ત્યારે નિયામકશ્રી, નાગરિક પુરવઠાને;

(ઘ) આવો હુકમ કર્યો હોય તે લાઇસન્સ આપનાર સત્તાધિકારી કલેકટરથી ઉતરતા દરજ્જાના ન હોય, ત્યારે રાજય સરકારને,

અપીલ કરી શકશે:

પરંતુ અપીલ કરનાર વ્યકિત અપીલ સત્તાધિકારીને એવી ખાતરી કરાવે કે સદરહુ ત્રીસ દિવસની મુદતની અંદર અપીલ ન કરવા માટે તેની પાસે પૂરતા કારણો હતા તો, અપીલ સત્તાધિકારી, સદરહુ ત્રીસ દિવસની મુદત વીતી ગયા બાદ પણ તે વ્યકિતની અપીલ સ્વીકારી શકશે.

(૨) નારાજ થયેલી વ્યકિત અથવા વાજબી ભાવની દુકાનના માલિકને પોતાના કેસ અંગે કેફિયત માટે વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય તેને પ્રતિકૂળ અસર કરતો કોઇપણ હુકમ કરી શકાશે નહિ.

(૩) અપીલ અનિર્ણિત હોય તે દરમિયાન અપીલ સત્તાધિકારી એવો આદેશ કરી શકશે કે લાઇસન્સ ફરીથી આપવા કે તાજુ કરવાની ના પાડતો હુકમ અપીલનો નિકાલ ન થાય ત્યાં સુધી અમલી બનશે નહિ.

**૧૩. ફેરતપાસ -**

(૧) રાજ્ય સરકાર, લાઈસન્સ આપનાર સત્તાધિકારી અથવા કલેક્ટર અથવા અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રક, અમદાવાદ શહેર અથવા યથાપ્રસંગ, નિયામક, સંયુક્ત નિયામક અથવા નાયબ નિયામક, નાગરિક પુરવઠા-ની કોઈ કાર્યવાહીમાં રેકર્ડ મંગાવીને તપાસી શકશે જેથી કરીને તેને એવી કાર્યવાહી દરમ્યાન થયેલા કોઈ હુકમની કાયદેસરતા અથવા ઔચિત્યની અથવા એવી કાર્યવાહીની નિયમિતતા અંગે ખાતરી થાય અને રાજ્ય સરકારને એમ જણાય કે એવો હુકમ અથવા કાર્યવાહી સુધારવી, રદ કરવી અથવા તેમાં ફેરફાર કરવો જોઈએ, તો તે પોતાને યોગ્ય લાગે તેવો હુકમ તેના પર કરી શકશે:

પરંતુ જેને અસર થવાનો સંભવ હોય તે વ્યક્તિને પોતાનો કેસ રજૂ કરવા માટે વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય આ ખંડ હેઠળ કોઈ પણ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ ખંડ હેઠળ ફેરતપાસની કાર્યવાહી નિકાલ બાકી હોય ત્યારે, રાજ્ય સરકાર, એવો આદેશ કરી શકશે કે પેટા-ખંડ (૧) હેઠળ આખરી હુકમ ન થાય ત્યાં સુધી લાઈસન્સ તાજુ કરવાની અથવા ફરીથી આપવાની ના પાડતો અથવા લાઈસન્સ રદ કરતો અથવા મોકૂફ રાખતો અથવા જામીનગીરી અનામતની જપ્તીનો હુકમ અમલમાં આવશે નહિ.

**૧૪. વાજબી ભાવની દુકાનના માલિકની ફરજો અને જવાબદારીઓ:**

તા.૩૦.૧૨.૧૯૯૯ના સરકારી ઠરાવ ક્રમાંક-વીબીડી / ૧૦૯૯ / ૫૫૮૮ / સી હેઠળ ઠરાવેલી ફરજો અને જવાબદારીઓ ઉપરાંત વાજબી ભાવની દુકાનના માલિકની ફરજો અને જવાબદારીઓ નીચે મુજબ રહેશે:

(૧) વાજબી ભાવની દુકાનના માલિકે રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર જીવનજરૂરિયાતની આવશ્યક ચીજવસ્તુઓનું વેચાણ જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ રાજ્ય સરકારે નિયત કરેલ છૂટક વેચાણ કિંમતે કરવું જોઈશે.

(૨) વાજબી ભાવની દુકાનના દરેક માલિકે પોતાની દુકાનની મહત્વની જગ્યા પર નોટિસ બોર્ડ ઉપર દરરોજ નીચે મુજબની માહિતી દર્શાવવી જોઈશે :-

- (ક) ગરીબી રેખા હેઠળના તેમજ અંત્યોદય યોજના હેઠળના લાભાર્થીઓની યાદી
- (ખ) મળવાપાત્ર આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો
- (ગ) વિતરણનો જથ્થો (કેટલા પ્રમાણમાં વહેંચાશે તે)
- (ઘ) છૂટક વેચાણ કિંમત
- (ચ) વાજબી ભાવની દુકાન ખૂલવાનો અને બંધ થવાનો સમય
- (છ) દુકાનના કામકાજનો સમય અને જે તે માસ દરમ્યાન મેળવેલી આવશ્યક ચીજવસ્તુઓના જથ્થાની વિગતો

(જ) આવશ્યક ચીજવસ્તુઓના ઉઘડતા અને બંધ થતા સ્ટોકની દૈનિક વિગતો

(ઝ) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુઓની ગુણવત્તા અને જથ્થા સંબંધી ફરિયાદો દાખલ કરવાને લગતી વિગતો જેવી કે તકરાર નિવારણ સંબંધી સત્તાધિકારીનો હોદ્દો અને સરનામું

(૩) વાજબી ભાવના દુકાનના દરેક માલિકે નીચે મુજબના રજિસ્ટરો જાળવવા જોઈશે :-

(૧) રેશનકાર્ડ ધારકો (ગરીબી રેખા ઉપરના ગરીબી રેખા હેઠળના અને અંત્યોદય યોજના હેઠળના) ના રેકર્ડની જાળવણી.

(૨) જે તે દિવસના ખરેખર ઊઘડતા જથ્થાની માહિતી દર્શાવતું સ્ટોક રજિસ્ટર, દિવસ દરમ્યાન મેળવેલો જથ્થો જે સ્થળેથી જથ્થો મેળવ્યો હોય તે સ્ત્રોત. સ્ટોકનું વિતરણ અથવા સ્ટોક અન્યથા દૂર કરવામાં આવ્યો હોય અને આવશ્યક ચીજસ્તુઓનો બંધ થતો જથ્થો વગેરેની સાચી માહિતી દર્શાવતું સ્ટોક રજિસ્ટર.

(૩) વહેંચણી અથવા વેચાણ પત્રક

(૪) રાજ્ય સરકાર દ્વારા આ હેતુ માટે અધિકૃત કરેલી ગ્રામ પંચાયત, નગર પંચાયત, નગરપાલિકા, મ્યુનિસિપલ કોર્પોરેશન અથવા તકેદારી સમિતિ અથવા અન્ય સંસ્થા અથવા મંડળને નિર્દિષ્ટ દસ્તાવેજોની નકલો પૂરી પાડવી જોઈશે.

(૫) વાજબી ભાવની દુકાનો દ્વારા વિતરણ કરવામાં આવતા હોય તેવા અનાજના જથ્થાના નમૂના પ્રદર્શિત કરવા જોઈશે.

(૬) વાજબી ભાવની દુકાનના દરેક માલિકે આવશ્યક ચીજવસ્તુઓની ફાળવણી અથવા વિતરણ સંબંધી ચોપડા અને રેકર્ડ તેમજ જે તે સત્તાધિકારી દ્વારા માંગવામાં આવે તેવી માહિતી તપાસણી અધિકારી સમક્ષ રજૂ કરવા જોઈશે.

(૭) વાજબી ભાવની દુકાનના દરેક માલિકે રાજ્ય સરકારના અધિકૃત અધિકારીને આવશ્યક ચીજવસ્તુઓના ખરેખર વિતરણ સંબંધી માહિતી અને હાજર સ્ટોકના હિસાબોની વિગતો પૂરી પાડવી જોઈશે અને તેની નકલ ગ્રામ પંચાયતને પૂરી પાડવી જોઈશે.

(૮) વાજબી ભાવની દુકાન નિયત સમય પ્રમાણે જ ખોલવાની તેમજ બંધ કરવાની રહેશે અને તે સમય નોટિસ બોર્ડ ઉપર દર્શાવવાનો રહેશે.

(૯) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ વાજબી ભાવની દુકાનના માલિક પાસે આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો, હોય ત્યારે તેમાંથી રેશનકાર્ડ ધારકો જેને માટે હકદાર હોય તે પુરવઠો આપવાની ના પાડી શકાશે નહિ.

(૧૦) વાજબી ભાવની દુકાનના માલિક, આવશ્યક ચીજવસ્તુઓના વિતરણ બાદ રેશનકાર્ડ પોતાની પાસે રાખી શકશે નહિ.

(૧૧) વાજબી ભાવની દુકાનના માલિકે તેણે જાળવેલા સંબંધિત રેકર્ડના ઉતારા એક પાનાના એક રૂપિયા લેખે ફી ચૂકવ્યેથી લાભાર્થીને પૂરા પાડવાના રહેશે.

(૪) જે લાઇસન્સ ધારક -

(ક) સમગ્ર મહિનાં દરમિયાન નિયત મુદત સુધી પોતાની દુકાન ખુલ્લી ન રાખે,

(ખ) ગરીબી રેખા હેઠળના પરિવારોને ચુસ્તપણે ગરીબી રેખા નીચેના દરોએ અને તેથી વધુ નહિ તેટલા દરે અનાજ પુરૂ ન પાડે,

(ગ) ગરીબી રેખા હેઠળના પરિવારોના કાર્ડ પોતાની પાસે રાખે,

(ઘ) ગરીબી રેખા હેઠળના લોકોના કાર્ડમાં ખોટી નોંધ કરે,

(ચ) રેશનકાર્ડ ધારકોને આવશ્યક ચીજવસ્તુઓના વિતરણ સિવાયની અન્ય - પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેતો હોય અને ખુલ્લા બજારમાં અનાજનું વેચાણ કરતો હોય એવી રેશનની દુકાનો અન્ય વ્યકિત કે સંસ્થાને સોંપી દેતો હોય અને લાઇસન્સ આપવા સંબંધી બોલીઓ અને શરતોનું ઉલ્લંઘન કરતો હોય તેવો લાઇસન્સ ધારક પોતાનું લાઇસન્સ રદ ઠરવાને પાત્ર ગણાશે અને લાઇસન્સ આપનાર સત્તાધિકારીના લેખિત હુકમથી લાઇસન્સ રદ અથવા મોકૂફ કરી શકાશે:

પરંતુ લાઇસન્સ ધારકને સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે સિવાય લાઇસન્સ આપનાર સત્તાધિકારી આ ખંડ હેઠળ કોઇ હુકમ કરી શકશે નહિ.

(૫) વાજબી ભાવની દુકાનના માલિકે ગરીબી રેખા હેઠળના પરિવારોને હપ્તાથી રેશન ખરીદવાની પરવાનગી આપવી જોઇશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

**વિનોદ મકવાણા,**

સેકશન અધિકારી

નમૂનો 'ક'
(જુઓ ખંડ ૫ (૧))

**ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વાજબી ભાવની દુકાનોને લાઇસન્સ આપવા બાબત ) હુકમ, ૨૦૦૪**

વાજબી ભાવની દુકાનનું લાઇસન્સ આપવા / તાજુ કરવા માટેની અરજી.

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું નામ અને ઉમર | |
| ૨. | અરજદારનું રહેઠાણ | |
| ૩. | અરજદારનો વ્યવસાય | |
| ૪. | જે નામે લાઇસન્સ જોઇતું હોય તે | |
| ૫. | અરજદાર કોઇપણ રીતે આવશ્યક ચીજવસ્તુઓનું કામકાજ કરતા કોઇ અન્ય સંસ્થા કે લાઇસન્સ ધારક સાથે સંકળાયેલા છે કે કેમ ? હોય તો, કઇ હેસિયતથી ? | |
| ૬. | અરજદાર કોઇપણ રીતે આવશ્યક ચીજવસ્તુઓનું કામકાજ કરતા કોઇ અન્ય સંસ્થા કે લાઇસન્સ ધારક સાથે સંકળાયેલા છે કે કેમ ? હોય તો, કઇ હેસિયતથી ? | |
| ૭. | અરજદારના ધંધા/વ્યવસાયના | |

| | | |
|---|---|---|
| | સ્થળની વિગત જેવી કે મકાન નંબર, મોહલ્લો, શહેર અથવા ગામ, પોલીસ સ્ટેશન, તાલુકો અને જિલ્લો | |
| ૮. | જયાં આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહ કરવાનો હોય અથવા કરવામાં આવશે તે ગોદામો અંગેની પૂરી વિગતો. | |
| ૯. | હાલમાં કરવામાં આવતા ધંધાનો પ્રકાર | |
| ૧૦. | આવશ્યક ચીજવસ્તુઓમાંની કોઈપણના વ્યવસાયમાં અરજદાર કેટલા સમયથી રોકાયેલો છે ? | |
| ૧૧. | અરજદાર રદ થયેલા હુકમો હેઠળ કોઈપણ સમયે લાઈસન્સ ધરાવતો હતો ? ( જો તેમ હોય, તો તેની મોકૂફી અને રદ થવા સહિતની વિગતો હોય તો આપવી.) | |
| ૧૨. | છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન દરેક આવશ્યક ચીજવસ્તુઓનો મેળવેલો અને ઉપયોગ કરેલો વાર્ષિક જથ્થો. | |
| ૧૩. | ચાલુ વર્ષ દરમિયાન મેળવવા અને ઉપયોગ કરવા સંભવ હોય તેવી કોઈપણ અથવા તમામ આવશ્યક ચીજવસ્તુઓમાંની જથ્થો. | |
| ૧૪. | અરજી કર્યાના વર્ષની અગાઉના બે વર્ષમાં ભરેલો કેન્દ્રિય/સ્થાનિક વેચાણવેરો (અલગ દર્શાવવો) ૧. ........................ | |

| | | |
|---|---|---|
| | ૨. ........................ | |
| ૧૫. | અરજીની તારીખે અરજદારના કબજામાં રહેલી આવશ્યક ચીજવસ્તુઓ અથવા એવી તમામ આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો | |
| ૧૬. | અરજદાર વાજબી ભાવની દુકાન તરીકેનો કામકાજ ચલાવવા માંગે છે કે કેમ ? | |
| ૧૭. | આવશ્યક ચીજવસ્તુઓને લગતાં કોઇપણ ગુના માટે અરજદાર ક્યારેય કોર્ટ દ્વારા દોષિત ઠર્યો છે? જો તેમ હોય તો તેની ટૂંકી વિગતો. | |

આથી હું જાહેર કરુ છું કે ઉપર નિર્દિષ્ટ કરેલો જથ્થો આજરોજ મારા કબજામાં છે અને ઉપર જણાવેલી જગાઓએ રાખવામાં આવ્યો છે.

મેં ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (વાજબી ભાવની દુકાનને લાઇસન્સ આપવા બાબત) હુકમ, ૨૦૦૪ ને જોડેલ નમૂના 'ખ' માં લાઈસન્સ અંગેની શરતો કાળજીપૂર્વક વાંચી છે અને તેનું પાલન કરવા હું કબૂલ થાઉં છું.

* (ક) મેં અગાઉ કયારેય આ જિલ્લામાં કોઇપણ આવશ્યક ચીજવસ્તુઓનું લાઇસન્સ મેળવવા માટે અરજી કરી નથી.

* (ખ) મેં આ જિલ્લામાં ............. માટે આવા લાઇસન્સ માટે અરજી કરી હતી અને .................. ના રોજ લાઇસન્સ મળ્યુ હતું/ મળ્યું ન હતું,

* (ગ) હું, આથી તા. ............ ના લાઇસન્સ ક્રમાંક ...................... ને પાંચ વર્ષની મુદત માટે તાજુ કરવા માટે અરજી કરુ છું.

* (ઘ) ........................ ના આધારે તા. ................. ના રોજ મને અપાયેલા લાઈસન્સ ક્રમાંક ............... ને ફરીથી કાઢી આપવા માટે હું અરજી કરુ છું.

આથી હું જાહેર કરુ છું કે ઉપર આપેલી વિગતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ ખરી છે.

સ્થળ :

તારીખ:-

અરજદારની સહી.

નમૂનો 'ખ'
(જુઓ નિયમ ૫ (૨) )

ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વાજબી ભાવની દુકાનોને લાઇસન્સ આપવા બાબત ) હુકમ, ૨૦૦૪.
જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવશ્યક ચીજવસ્તુઓના વેચાણ માટે ખરીદેલા / વેચેલા માલના સંગ્રહ માટેનું લાઇસન્સ :-

વાજબી ભાવની દુકાનના માલિકની હેસિયતથી, લાઇસન્સ નં. ..........
'બિન તબદીલીપાત્ર'

૧. ગુજરાત આવશ્યક ચીજવસ્તુ (વાજબી ભાવની દુકાનોને લાઇસન્સ આપવા બાબત) હુકમ, ૨૦૦૪ ની જોગવાઇઓ અને આ લાઇસન્સની બોલીઓ અને શરતોને અધીન રહીને, આ લાઇસન્સથી શ્રી......................... ને વાજબી ભાવની દુકાનના માલિક તરીકે નીચે જણાવેલી આવશ્યક ચીજવસ્તુના કામકાજ માટે, આથી, અધિકૃત કરવામાં આવે છે.
આવશ્યક ચીજવસ્તુઓના નામો :-----------------------------------------------
-----------------------------------------------
-----------------------------------------------

૨. (ક) વાજબી ભાવની દુકાનના માલિકો નીચેના સ્થળોએ કામકાજ ચલાવશે.
-----------------------------------------------
-----------------------------------------------

(ખ) વાજબી ભાવની દુકાનના માલિક તરીકે ઉપર્યુકત કામકાજ કરતો હોય તેવી આવશ્યક ચીજવસ્તુઓને, નીચે જણાવેલ કોઇપણ ગોદામો, સંગ્રહ સ્થળો સિવાયના બીજા કોઇ સ્થળે સંગ્રહ કરી શકશે નહિ.
-----------------------------------------------
-----------------------------------------------
-----------------------------------------------

નોંધ :- લાઇસન્સ ધારક ઉપર નિર્દિષ્ટ કરેલા હોય તે સિવાયના બીજા સ્થળોએ આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહ કરવા માંગતો હોય તો, તેણે, એવા કોઇ ગોદામોના ખરેખરા કબજાના ૯૬

કલાકની અંદર તેના ખરેખર કબજાની જાણ લાઇસન્સ આપનાર સત્તાધિકારીને કરવી જોઇશે અને તેણે એવી જાણ કર્યા અંગેની બીજી નકલ તેની પાસે રાખવી જોઇશે.

૩. દરેક લાઇસન્સ ધારકે, તેણે સંગ્રહ કરેલી આવશ્યક ચીજવસ્તુઓ યોગ્ય સ્થિતિમાં જાળવવામાં આવી છે અને જમીનના ભેજ, વરસાદ, આગ, જંતુઓ, ઉંદરો, પક્ષીઓ અને તેના જેવા બીજા કારણોથી આવશ્યક ચીજવસ્તુઓના નુકસાનને નિવારવા પૂરતા પગલા લેવાય તે સુનિશ્ચિત કરવું જોઇશે. લાઇસન્સ ધારકે આવશ્યક ચીજવસ્તુઓને દૂષિત કરે તેવા ખાતરો, જંતુનાશક દવાઓ અને ઝેરી રસાયણોને તે જ ગોદામોમાં આવશ્યક ચીજવસ્તુઓની સાથે અથવા આવશ્યક ચીજવસ્તુઓના સ્ટોકની આસપાસ રાખવામાં આવતા નથી તે પણ સુનિશ્ચિત કરવું જોઇશે.

૪ (૧) લાઇસન્સ ધારકે દરેક આવશ્યક ચીજવસ્તુઓની પરિચ્છેદ (૧) માં જણાવેલી લેવડદેવડ અથવા વ્યવહારો સાચી રીતે દર્શાવતું રજિસ્ટર અથવા રોજમેળ રાખવાનો રહેશે :-

(ક) દરેક દિવસનો ઉઘડતો સ્ટોક;

(ખ) દરેક દિવસે ખરીદીથી અથવા અન્યથા મેળવેલ જથ્થો, જેમાં જે સ્થળેથી અને જે સ્રોતમાંથી જથ્થો મેળવ્યો હોય તે સ્થળ અને સ્રોત દર્શાવવાના રહેશે;

(ગ) પહોંચાડવાના સ્થળો દર્શાવીને દરેક દિવસે પહોંચાડેલા અથવા અન્યથા ખસેડેલા માલનો જથ્થો; અને

(ઘ) દરેક દિવસનો બંધ થતો સ્ટોક.

(૨) લાઇસન્સ ધારકે, દરેક દિવસને લગતા હિસાબો કોઇ વાજબી કારણ હોય તે સિવાય તે જ દિવસે પૂરા કરવાના રહેશે. રોજમેળ ન રાખવા બદલના વાજબી કારણો સાબિત કરવાની જવાબદારી તેના શીરે રહેશે.

૫. લાઇસન્સ ધારકે જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૦૧ની કોઇપણ જોગવાઇઓનું ઉલ્લંઘન કરવું નહિ.

૬. લાઇસન્સ ધારક,-

(૧) બજારમાં આવશ્યક ચીજવસ્તુઓના પુરવઠાની જાળવણી અને સરળ ઉપલબ્ધતાને પ્રતિકૂળ રીતે અસર કરે તેવી દેખીતી રીતે કોઇપણ આવશ્યક ચીજવસ્તુઓના વેચાણ માટેની ખરીદી, વેચાણ અથવા સંગ્રહને લગતી કોઇ લેવડદેવડનો કરાર કરી શકશે નહિ.

(૨) સામાન્ય રીતે વેચાણ માટે રાખેલા આવશ્યક ચીજવસ્તુઓના વેચાણ, પુરવઠાને સ્થગિત કરી શકશે નહિ; અથવા

(૩) શરત ૮ને અધીન રહીને, તેણે કરેલા આવશ્યક ચીજવસ્તુઓના વેચાણના સંબંધમાં-

રાજય સરકારે નકકી કરેલો કોઇ નફો અને એવી રીતે કોઇ નફો નકકી કરેલો ન હોય ત્યારે, લાઇસન્સ આપનાર સત્તાધિકારી અથવા યથાપ્રસંગ, રાજય સરકાર સાથે વિચારણા કરીને તે સ્થાનિક વિસ્તાર માટે વેપારી અથવા યથાપ્રસંગ, ઉત્પાદકોના પ્રતિનિધિ મંડળે નકકી કરેલા નફાના કોઇ મહત્તમ દર કરતાં વધુ નફો લઇ શકશે નહિ.

૭. લાઇસન્સ ધારકે પોતે જયાં પોતાનું કામકાજ કરતો હોય તે સ્થળના મુખ્ય અથવા પ્રવેશ દ્વારે અથવા જોઇ શકાય તેવા ભાગમાં પોતાનું નામ, વેચાણ માટે તેણે ધરાવેલી આવશ્યક ચીજવસ્તુઓના ભાવની યાદી અને આવશ્યક ચીજવસ્તુઓના સ્ટોકની ઉપલભ્યતા અથવા બિન-ઉપલભ્યતા ગુજરાતી ભાષામાં વાંચી શકાય તે રીતે લખીને બોર્ડ ઉપર દરરોજ પ્રદર્શિત કરવી જોઇશે.

૮. લાઇસન્સ ધારક તે સમયે અમલમાં હોય તેવા રાજય સરકાર અથવા કેન્દ્ર સરકારના કોઇ કાયદાની જોગવાઇઓ અથવા હુકમ હેઠળ નકકી કરેલા ભાવ અથવા એવી રીતે પ્રદર્શિત કરેલા ભાવ કરતાં ઊંચા ભાવે આવશ્યક ચીજવસ્તુઓ વેચી શકશે નહિ અથવા એવા વેચાણ માટે મૂકી શકશે નહિ.

૯. લાઇસન્સ ધારકે, રાજય સરકારે અથવા લાઇસન્સ આપનાર સત્તાધિકારીએ આ અર્થે ખાસ રીતે મુકિત આપી હોય તે સિવાય તેનું પોતાનું નામ, સરનામું અને લાઇસન્સ નંબર, ખરીદી કરનારનું નામ, સરનામું અને લાઇસન્સ નંબર ( હોય તો ) લેવડદેવડની તારીખ, વેચેલી આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો, જે ભાવે તે વેચી હોય તે ભાવ, લીધેલી કુલ રકમ દર્શાવતી પાકી પહોંચ અથવા યથાપ્રસંગ, ભરતિયું ગ્રાહકને આપવું જોઇશે અને પાકી પહોંચ અથવા ભરતિયાની એક નકલ, લાઇસન્સ આપનાર સત્તાધિકારીએ અથવા તેણે આ અર્થે અધિકૃત કરેલા કોઇ અધિકારી તપાસણી માટે માંગે તો તેને આપવા માટે પોતાની પાસે રાખવી જોઇશે.

૧૦. લાઇસન્સ ધારકે લાઇસન્સ આપનાર સત્તાધિકારીને અથવા જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ, ૨૦૦૧ ના ખંડ (૧૦) હેઠળ નિર્દિષ્ટ કરેલા અથવા અધિકૃત કરેલા કોઇ અધિકારીને આવશ્યક ચીજવસ્તુઓના સંગ્રહ, વેચાણ અથવા ખરીદી માટે પોતાના દ્વારા ઉપયોગમાં લેવાતી કોઇ દુકાન, ગોદામ અથવા બીજા સ્થળોએ રાખેલા તેના સ્ટોક અને હિસાબોની તપાસણી માટે તેમજ ચકાસણીના હેતુથી આવશ્યક ચીજવસ્તુઓના નમૂનાઓ લેવા માટે તમામ વાજબી સમયે તમામ સવલતો આપવી જોઇશે.

૧૧. લાઇસન્સ ધારકે નિયંત્રિત વેચાણનું કામકાજ હોય ત્યારે તેવા કિસ્સામાં પોતાના કામકાજના સંબંધમાં, હકૂમત ધરાવતા વેચાણ સત્તાધિકારી અને અન્ય કિસ્સામાં, રાજય સરકાર આ અર્થે માન્ય કરે તેવા મંડળ દ્વારા આપવામાં આવે તેવી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૧૨. ધંધાની માલિકીમાં કોઇ ફેરફાર થયે, આવા લાઇસન્સની તબદીલીને લાઇસન્સ આપનાર સત્તાધિકારી દ્વારા મંજૂરી આપવામાં આવી હોય તે સિવાય, હુકમના ખંડ ૪ના પેટા-ખંડ (૩) ના ઉલ્લંઘનમાં પરિણમતી આવી રીતે ફેરફાર થયેલી માલિકી, મૂળ માલિકીના લાઇસન્સમાં તબદીલ થયેલી ગણાશે.

૧૩. લાઇસન્સ તાજુ કરવા માટેની અરજીની સાથે લાઇસન્સ બીડવાનું રહેશે.

૧૪. આ લાઇસન્સ ૩૧મી ડિસેમ્બર સુધી માન્ય ગણાશે.

**લાઇસન્સ તાજુ કરવા અંગેની વિગતો**

આ લાઇસન્સ, આથી ............................ તારીખ સુધી તાજુ કરવામાં આવે છે:-

લાઇસન્સ આપનાર સત્તાધિકારીની સહી

(૧)
(૨)
(૩)
(૪)
(૫)